તા- ૧૦/૦૫/૨૦૨૦


शार्दूल शिशु विहार
स्वयमेव मृगेंद्रता
बालक स्वाव लंबन एवं
आत्मनिर्भरता चाहता है
- गिजुभाई बधेका
/ Shardul Shishuvihar
/ www.shardul.org

# સુડોકુ

| | | | | | |
|---|---|---|---|---|---|
| | 6 | | 2 | 5 | |
| 2 | | | | | 3 |
| 3 | | | | | |
| | | | | | 4 |
| 5 | | | | | 6 |
| | 2 | 6 | | 3 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | 3 | | |
| | 1 | 5 | | 6 | |
| 6 | | | | 4 | |
| | 5 | | | | 2 |
| | 6 | | 4 | 5 | |
| | | 3 | | | |

## ઉખાણું

રહે વૃક્ષ પર પણ પંખી નથી
ભરેલું છે જળ પણ ઘડો નથી,
માથે છે જટાં પણ જોગી નથી
છે ત્રિનેત્ર પણ શંકર નથી.

## જોડકણા

નદીકિનારે ટામેટું, ટામેટું.
ઘી-ગોળ ખાતું'તું, ખાતું'તું.
નદીએ ના'વા જાતું'તું, જાતું'તું,

## ક્રિયાકલાપ

| | |
|---|---|
| વર્ણન | ૭૭.૧ પાણી આપવું, ભોજન આપવું વગેરે |
|  | |

# ચિત્ર



# વાર્તા

## એક જ દાણામાંથી

રાજસ્થાનના ડુગારી ગામમાં મેળો ભરાયો હતો. ખેતીવાડી ખાતા તરફથી તેમાં એક પ્રદર્શન ગોઠવાયેલું. ત્યાં ઘઉંના સુધારેલા બિયારણનો નમૂનો રાખેલો, તેના પર રામનારાયણ નામના ખેડૂતની નજર પડી. તે લેવાનું એને મન થયું, પણ ખાતાના અધિકારીએ કહ્યું કેએ વેચવા માટે નથી. હતાશ થઈને રામનારાયણ પાછો ગયો. બીજે દિવસે ફરી એ ત્યાં જઈને ઊભો. થોડી રકઝક પછી અધિકારીએ તેને એ ઊંચી જાતના ઘઉંનો નમૂનો આપ્યો – પણ એક જ દાણો !

એને મોંઘામૂલા રતનની જેમ જાળવીને રામનારાયણ લઈ ગયો. પોતાના ખેતરની સારામાં સારી જગા પસંદ કરી, ત્યાં ખાતર નાખીને એ એક દાણો વાવ્યો. રોજ તેની કાળજી લેવા મોડયો. થોડા દિવસે અંકુર ફૂટ્યો, છોડ મોટો થવા લાગ્યો અને આખરે તેની ઉપર ઘઉંની ડૂંડીઓ ઝૂલવા લાગી. પાક લણ્યો ત્યારે એક દાણો વાવેલો તેમાંથી પોણો રતલ ઘઉં નીકળ્યા ! રામનારાયણનું હૈયું હરખે ભરાઈ



ગયું. એ ઘઉંની પોટલી સાચવીને પટારામાં મૂકી દીધી.

બીજે વરસે એ પોણો રતલ દાણા એણે પાછા વાવ્યા. વખત જતાં એના ખેતરમાં તેના છ–છ ફૂટના ઊંચા છોડ થયા. આસપાસના લોકો તે જોઈને અજાયબ થયા. આ વખતે તેર ગણો પાક ઊતર્યો ને દસ રતલ ઘઉં નીપજ્યા. પછીને વરસે એ દસ રતલ વાવતાં તેમાંથી ઊંચી જાતના ત્રણ મણ ઘઉં પાક્યા – હા, પેલા એક જ દાણામાંથી !

**સાભાર : રોજેરોજની વાચનયાત્રા**

# વિજ્ઞાન પ્રયોગ

## અવાજને દબાવી દો




**સૂચનાઓ :**

- એક કપની અંદરની આખી સપાટી ઉપર રૂના બનાવેલા દડા એવી રીતે ચોંટાડી દો કે જેથી વચ્ચે જરા પણ જગા ન રહે.
- હવે રૂના દડા લગાવેલો કપ, ખાલી કપ અને એક સિસોટી હાથમાં લો.
- પહેલાં ખાલી કપમાં સિસોટી વગાડો.
- હવે રૂના દડા લગાડેલા કપમાં સિસોટી વગાડો. બન્નેમાંથી આવતા અવાજમાં શો તફાવત પડે છે ?



**સારાંશ :**

ખાલી કપ અને રૂના દડા મૂકેલા કપમાંથી અલગ-અલગ અવાજ આવે છે, કારણ કે ખાલી કપની મજબૂત દીવાલમાંથી અવાજનાં મોજાંઓનો પડઘો પડે છે. જ્યારે રૂના બોલ મૂકેલા કપમાં અવાજનાં મોજાં રૂના બોલની વચ્ચે અને અંદર નાના-નાના કણમાં ભરાઈ જાય છે. આ અવાજનું એવું અલગીકરણ છે, જેમાં સિસોટીનો અવાજ દબાઈ જાય છે. જે કોઈ વસ્તુ અવાજનાં મોજાંના પ્રવાહને છૂટાં પાડી દે છે તે અલગીકરણનું કામ કરે છે. અલગીકરણના સાધન અથવા આકાર પર અવાજના પ્રવાહનો આધાર રહેલો છે.

**સિદ્ધાંત :**

અવાજ અલગ-અલગ જગામાંથી અલગ-અલગ રીતે પસાર થાય છે.



| ગૃહકાર્ય |
| --- |
| https://vimeo.com/showcase/7081394 |
| https://www.youtube.com/watch?v=OQWaNzhB6sI&feature=youtu.be |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7081302 |
| https://www.facebook.com/Shardul.Official/videos/3126552054068817/ |
| https://www.youtube.com/watch?v=oqRLr7vXWfs&feature=youtu.be |

## મેરા ભારત મહાન.




## -: રામાયણ :-

વાલી સુગ્રીવ કરતા ખુબ શક્તિ શાળી હતો છતાં સુગ્રીવને મારી શક્યો ન હતો... શામાટે?

# दुर्लभं भारते जन्म

## તટીય મંદિર, મહાબલિપુરમ, તામિલનાડુ



મહાબલિપુરમ એ તામિલનાડુ માં અને બંગાળની ખાડીના કિનારે આવેલું એક ઐતિહાસિક સ્થળ છે. મહાબલિપુરમ માં આવેલું તટીય મંદિર સાતમી સદીની મધ્યમાં પલ્લવ રાજવંશના રાજા નરસિંહવર્મના સમયમાં નિર્માણ પામ્યું છે. આ મંદિર દક્ષિણ ભારતના સૌથી પ્રાચીન મંદિરોમાં માનવામાં આવે છે. આ મંદિર દ્રવિડ સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં ત્રણ મંદિરો છે. વચમાં ભગવાન વિષ્ણુનું મંદિર છે જેની બંને બાજુ શિવ મંદિરો છે. મંદિરમાં અથડાતા સમુદ્રના તરંગો એક અનોખો દૃષ્ટિકોણ રજૂ કરે છે. પૌરાણિક વર્ણનપ્રમાણે રાજા પ્રહલાદ ના પૌત્ર એટલે રાજા મહાબલી એ આ મહાબલિપુરમની સ્થાપના કરેલી છે. બાળમિત્રો, આ સ્થળની ભવ્યતા અને દિવ્યતાથી અંજાઈ જઈને દેવોને એટલું આશ્ચર્ય થયું કે આટલું ભવ્યસ્થળ પૃથ્વી પર? એમને ઈર્ષા આવી અને દરિયામાં પૂર લાવી, લગભગ આખું મહાબલિપુરમ આ પુરમાં નષ્ટ પામ્યું. હાલમાં આ તટીય મંદિર અને બીજા કેટલાંક સ્મારકો જ મહાબલિપુરમમાં હયાત છે.

યુરોપિયન વેપારી અને સાગરખેડુ માર્કોપોલોએ એના સંસ્મરણોમાં સાત પેગોડા તરીકે મહાબલિપુરમ નું વર્ણન કરેલું છે જેનો સંદર્ભ આ તટીય મંદિર સાથે છે. આ મંદિરએ સેંકડો વર્ષો સુધી સાગરખેડુ માટે સંદર્ભરૂપે દીવાદાંડીનું કામ કર્યું છે.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।

- ઉભા – ઉભા કરવાનાં આસનો

### તાડાસન



### વૃક્ષાસન



### પાદ હસ્તાસન



### અર્ધ ચક્રાસન



### ત્રિકોણાસન



**આ WhatsApp નમ્બર પર review આપવા નમ્ર વિનંતી.**

**7818088520**

**-: અપેક્ષા રહિત કામ કરવું :-**

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |